# “સુરક્ષિત અને સમન્વિત શહેરો”

## ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ

**પ્રોજેક્ટ નોંધ**

સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (CUE), સી.ઈ.પી.ટી. (CEPT) યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટ (IHD) ને 'ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ' ના વિષય પર સંશોધન માટે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (IDRC), કેનેડા અને ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (DFID), યુ.કે. દ્વારા "સેફ એન્ડ ઇન્ક્લુઝિવ સિટિઝ (SAIC)" ના વૈશ્વિક કાર્યક્રમ હેઠળ ત્રણ વર્ષનો પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ છે. આ સંશોધન કુલ ચાર શહેરોમાં આયોજિત કરવામાં આવેલ, જેમાં CUE દ્વારા અમદાવાદ અને ગુવાહાટી શહેરોને અને IHD દ્વારા દિલ્હી અને પટણા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. ભારતીય શહેરોમાં બહિષ્કૃત શહેરી આયોજન અને શાસન કેવી રીતે ગરીબ પર અને ગરીબો દ્વારા હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે તેનું વિશ્લેષણ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

CUEના સંશોધનમાં માળખાગત હિંસા (સાધનસામગ્રીની વંચિતતા, અસમાનતા), પ્રત્યક્ષ હિંસા (પ્રત્યક્ષ રીતે પહોંચાડવામાં આવેલી શારીરિક કે માનસિક ઈજા), તકરાર અને વિવિધ પ્રકારના ગુનાની શહેરી આયોજન અને શાસન સાથેની કડીઓને ચકાસતો વિસ્તૃત અભિગમ લેવામાં આવ્યો છે. અહીં નોંધ લેવી જરૂરી છે કે તમામ પ્રકારની હિંસાને ગુના માનવામાં આવતા નથી (ઉદાહરણ તરીકે, સરકાર દ્વારા થતી હિંસા), તેમજ તમામ પ્રકારના ગુનાને હિંસા માનવામાં આવતી નથી (જેમકે, ચોરી).

ગુજરાત રાજ્યનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આ સંશોધનમાં બે ગરીબ વિસ્તારોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છેઃ શહેરના દક્ષિણ વિભાગમાં સ્થિત મુસ્લિમ વસ્તી ધરાવતો અનૌપચારિક વિસ્તાર એવો બોમ્બે હોટલનો મહોલ્લો, તેમજ વિવિધ શહેરી પ્રોજેક્ટ્સને કારણે હટાવી દેવાયેલ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે વપરાયેલા શહેરના અગ્નિ ખૂણે સ્થિત વટવામાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (BSUP) કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસો.

**CUE સંશોધન ટીમ (અમદાવાદ):**દર્શિની મહાદેવિયા, રેણુ દેસાઈ, શચિ સંઘવી, સુચિતા વ્યાસ, રફી મલેક, મોહમદ શરીફ મલેક,

## અમદાવાદ પૉલિસી બ્રીફ ૮

## બોમ્બે હોટલ: અનૌપચારિક રહેણાંક વિસ્તારમાં અપરાધ, હિંસા અને અસલામત સ્થળો

અમદાવાદના દક્ષિણ છેડે બોમ્બે હોટલના વિસ્તારનો વિકાસ મુખ્યત્વે ૨૦૦૦ના દાયકાના આરંભ/મધ્યથી થવા લાગ્યો. નાના અને મધ્યમ સ્તરના બિલ્ડરોએ શ્રેણીબદ્ધ અનૌપચારિક સોદાઓ દ્વારા ખેતીવાડીની જમીન ખરીદી. તેના વિકાસની કોઈ પણ જાતની પરવાનગી વિના તેમણે એ જમીનનો વિકાસ કર્યો. ત્યાર પછી જમીનના પ્લોટ કે તેની પર ટેનામેન્ટ બાંધીને ગરીબ અને ઓછી આવક ધરાવતા મુસ્લિમ કુટુંબોને તેમણે અનૌપચારિક સોદાઓ દ્વારા

તેનું વેચાણ કર્યું. આ વિસ્તારમાં અપરાધ અને હિંસા વ્યાપક બની રહ્યાં છે, જેને કારણે ત્યાંના રહીશો માટે અસલામતી સર્જાઈ રહી છે. દારૂ, નશીલા દ્રવ્યો અને જુગારના અડ્ડા અહીં ફૂલ્યાફાલ્યા છે અને ઘણા યુવાનો આ અનૈતિક પ્રવૃત્તિઓમાં ખેચાયેલા છે. ચોરી અને લૂંટફાટ અહીં સામાન્ય બાબત છે. આ વિસ્તારમાં અને તેની આસપાસ અનેક ટોળકીઓ છે. તેમની વચ્ચે છાશવારે જાહેર જગાઓએ અથડામણો ફાટી નીકળે છે.

આવી અસલામત સ્થિતિ પેદા થવા પાછળ અનેક પરિબળો છે. બાંધકામના યોગ્ય આયોજન તેમજ માળખાકીય સવલતો અને સેવાઓ બાબતે આ વિસ્તારમાં રાજ્યની ગેરહાજરી રહેલી છે. આ વિસ્તારમાં કેટલીક વ્યક્તિઓ અને જૂથો બળજબરી, ધાકધમકી અને હિંસાથી અન્ય રહીશો પર વર્ચસ્વ જમાવતા થયા છે. આને કારણે અહીંના રહીશો પોતાના વિષે, પરિવાર અને માલમિલકત વિષે ભયનો ઓથાર અનુભવી રહ્યા છે. આયોજન અને માળખાકીય સવલતોની જોગવાઈના અભાવ તેમજ સક્રિય પોલિસની ગેરહાજરીના પરિણામે આમ થયું છે. આ વિસ્તારની પ્રવર્તમાન સામાજિક અને આર્થિક સ્થિતિ અપરાધ અને હિંસાને ફાલવા માટે સાનૂકુળ વાતાવરણ પૂરું પાડે છે.



બોમ્બે હોટેલ વિસ્તાર માં બિલ્ડરે બનાવેલી એક હાઉસિંગ સોસાયટી



**બોમ્બે હોટલમાં અનૌપચારિક વિકાસ અને હિંસાના એજન્ટો**

બોમ્બે હોટલ વિસ્તારમાં અનૌપચારિક વિકાસને કારણે અહીં હિંસા અને ગુનાઓ થતાં રહે છે. બિલ્ડરો, સ્થાનિક રાજકારણીઓ, શક્તિશાળી ગુંડાઓ વચ્ચેની સાંઠગાંઠ તેમજ અ.મ્યુ.કો.ની આડકતરી હિસ્સેદારીને કારણે આ શક્ય બન્યું છે. આયોજન તેમજ માળખાકીય સવલતોની જોગવાઈ બાબતે રાજ્યની ગેરહાજરીમાં બિલ્ડરો અને ગુંડાઓએ નોંધપાત્ર સત્તા પ્રાપ્ત કરી છે.

બિલ્ડરો લોકો પાસેથી વધુ ને વધુ પૈસા બનાવવા માંગતા હતા. તેથી જમીનના પ્લોટ/ ટેનામેન્ટના ખોટેખોટા બુકિંગના અનેક કિસ્સાઓ આ વિસ્તારમાં બન્યા છે. ક્યારેક ખાલી પ્લોટો ગુંડાઓ દ્વારા કબજે કરી લેવામાં આવતા. આ મિલકત ખાલી કરવા માટે તેઓ (અનૌપચારિક) માલિક પાસેથી નાણાં વસૂલતા. પાણી જેવી મૂળભૂત સેવા અનૌપચારિક રીતે પૂરી પાડવામાં અને એ રીતે આ વિસ્તારોમાંથી નફો બિલ્ડરો રળતા રહ્યા છે. પૂરતું અને પીવાલાયક પાણી પૂરું ન પાડે તો પણ ક્યારેક તેઓ ધાકધમકી અને બળજબરીપૂર્વક માસિક શુલ્ક વસૂલતા રહ્યા છે.

કેટલાક બિલ્ડરો પણ દારૂ અને જુગારના અડ્ડાઓ જેવી અનૈતિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ છે. આ વ્યવસાય અને જાહેર સ્થળે થતા તેના સંચાલનને કારણે રહીશો પર અસર થઇ છે. મહિલાઓ અને બાળકો માટે તેનાથી અસલામત વાતાવરણ પેદા થયું છે. નશાની હાલતમાં પુરુષો દ્વારા થતી હેરાનગતિનો અનુભવ ફોકસ્ડ જૂથચર્ચાઓમાં મહિલાઓએ જણાવ્યો. મ્યુનિસિપલ શાળાનો રસ્તો કેટલાક ખુલ્લાં મેદાનોમાંથી પસાર થાય છે. અહીં તોફાની લોકો કબજો જમાવીને બેઠા હોય છે.

બોમ્બે હોટલમાં અનેક વિવિધ ગેંગ સ્થપાઈ છે જે એકબીજા સાથે ઝઘડતી રહે છે. સામાન્ય રીતે આ ઝઘડાઓ જાહેર સ્થળોએ થાય છે, જેથી સામાન્ય રહીશોમાં ભય ફેલાય છે અને તેમના જીવને પણ જોખમ જણાય છે. એક પ્રસંગે જુગારના એક સ્થળે થયેલા ઝઘડાને પરિણામે બે ગેંગ વચ્ચે ગોળીબાર થયેલ. ક્યારેક અમુક રહીશો પણ અન્ય રહીશો સાથે ઝઘડો થાય ત્યારે તેમને ડરાવવા માટે ગેંગને કે ગુંડાઓને ભાડે રાખવામાં આવે. આને કારણે સ્થિતિ હિંસક અને જોખમી બની જાય છે.

આ ગુંડાઓ અને અનૈતિક વ્યવસાયથી યુવાનો પણ પ્રભાવિત થાય છે અને તેઓ તેમની સાથે જોડાવા માટે આકર્ષાય છે. ક્રિકેટ રમવા માટે યુવાનો ખુલ્લાં મેદાનોમાં ભેગા થાય ત્યારે પણ યુવાનો પર તેની અસર પડે છે. આ મેદાનોમાં અનૈતિક પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. રમવાને કારણે ગુંડાઓની પ્રવૃત્તિને ખલેલ પહોંચે કે ક્યારેક દારૂના અડ્ડામાં બેઠેલા કોઈક નશેબાજને બોલ વાગે ત્યારે મારામારી પણ થઈ જાય છે.

પોલિસની અથડામણ પણ ઘણી વાર ગુંડાઓ સાથે થાય છે. (પોલિસની ભૂમિકાની ચર્ચા આગળ ઉપર  કરવામાં આવી છે.) દારૂના અડ્ડાઓ પર પોલિસના દરોડો પાડવાના બનાવ પણ બને છે. આવા એક બનાવમાં ગુંડાઓ પરાણે નજીકના એક રહીશના ઘરમાં છુપાઈ ગયા. એ રહીશે ડરને કારણે ચૂપચાપ તેમને આશરો આપવો પડ્યો.

**નકારાત્મક તકો પેદા કરતું બંધાયેલ વાતાવરણ**

બંધાયેલ વાતાવરણનો સીધો પ્રભાવ અપરાધ અને હિંસા પર પડે છે. મૂળભૂત સેવાઓની ગેરહાજરીને કારણે બોમ્બે હોટલમાં બંધાયેલ વાતાવરણ સાવ કથળી ગયું છે. તેની થોડીઘણી ખુલ્લી જગાઓ અને તળાવો કચરાથી ખડકાયેલાં છે. ઘન કચરાના વ્યવસ્થાપનની જોગવાઈ બાબતે અ.મ્યુ.કો.ની બેદરકારીના પરિણામે આમ થયેલું છે. રહીશો આવી જગાઓએ જવાનું ટાળે છે. પછી તે દારૂ અને નશાના બંધાણીઓ માટે મિલનસ્થાન બની જાય છે.



અર્ધ બંધાયેલ મકાનોનો ઉપયોગ અનૌપચારિક પ્રવૃતિઓ માટે

અડધા બંધાયેલાં મકાનો અને ખાલી પ્લોટમાં પણ આમ જ બને છે. આ વિસ્તારની પશ્ચિમે આવેલા પિરાણા ગાર્બેજ ડમ્પનો ઉપયોગ પણ સ્થાનિક ગુંડાઓ દ્વારા અનૈતિક પ્રવૃત્તિઓ આચરવા માટે થાય છે.

સ્ટ્રીટ લાઈટોના અભાવને કારણે આ વિસ્તારમાં ચોરી અને લૂંટફાટની તકો પેદા થાય છે. અમુક મુખ્ય માર્ગો પર થોડાં વરસો માટે સ્ટ્રીટ લાઈટો હતી ખરી, પણ આંતરિક માર્ગો પર સૂર્યાસ્ત પછી  ઘોર અંધકાર છવાયેલો હોય છે. કેટલીક સોસાયટીઓમાં સ્થાનિક રાજકારણીઓએ સ્ટ્રીટ લાઈટના થાંભલા મૂકાવ્યા છે, પણ તેની પર હજી લાઈટો મૂકવામાં આવી નથી. કેટલીક સોસાયટીઓમાં રહીશોએ પોતાના ઘરની બહાર લાઈટના બલ્બ મૂક્યા છે, પણ આખી રાત તેને ચાલુ રાખવાનું તેમને પરવડે એમ નથી.

**સામાજિક-આર્થિક તાણ અને તેની અસરો**

બોમ્બે હોટલ વિસ્તારમાં અપરાધ અને હિંસા પ્રચલિત હોવાનું એક કારણ છે સામાજિક-આર્થિક તાણ. અહીંના મોટા ભાગના રહીશો અનૌપચારિક ક્ષેત્રના રોજગાર સાથે સંકળાયેલા છે. ગરીબી અને ઓછી આવક ઉપરાંત કામના લાંબા કલાકોને કારણે આ તાણ સર્જાય છે. આ વિસ્તારમાં એક જ મ્યુનિસિપલ શાળા છે, જ્યારે આ વિસ્તારની ખાનગી શાળાઓ અતિશય ફી લે છે. તેને કારણે આ વિસ્તારમાં અધવચ્ચે ભણતર છોડી દેતા બાળકો(સ્કૂલ ડ્રોપ આઉટ)ની સંખ્યા ઘણી વધારે છે. સામાજિક-આર્થિક તાણ અને પ્રમાણમાં શિક્ષણના અભાવને કારણે યુવાનો દારૂ અને નશીલા દ્રવ્યના ફેરીયાઓ અને સ્થાનિક ગુંડાઓ માટે કામ કરતા થાય છે. અનૌપચારિક ક્ષેત્રે મળતી રોજગારીની રકમ કરતાં આ રસ્તે મળતી રકમ વધુ હોય છે. એક યુવાને જણાવ્યું કે કપડાંની એક ફેક્ટરીમાં કામ કરવાથી તેને મહિને દસ હજાર રૂપિયા મળે છે, જ્યારે અનૈતિક પ્રવૃત્તિઓમાં રોજના બે હજાર રૂપિયા પાડી શકાય છે.

ચોક્કસ સ્થળોએ ઉભા રહેતા બેકાર યુવાનો ત્યાંથી પસાર થતી મહિલાઓની જાતીય સતામણી કરે છે અને બિભત્સ શબ્દો ઉચ્ચારે છે. પરિણામે કામ વિના મહિલાઓ ઘરની બહાર નીકાળતાં ખચકાય છે. ફોકસ્ડ જૂથ ચર્ચાઓમાં

જાણવા મળ્યું કે શાળાએ જવાના રસ્તે સલામતીની ફિકરને કારણે છોકરીઓને શાળામાંથી ઉઠાડી લેવાના ઘણા કિસ્સા બન્યા છે. બાળકોને ઘરથી દૂર રમવા મોકલતાં પણ મહિલાઓ ખચકાય છે. કેમ કે, તે ખરાબ સોબત કે ખરાબ આદતમાં ફસાઈ જવાની સંભાવના રહે છે.

ગરીબીને કારણે ઘણા લોકો ચોરી અને લૂંટફાટ તરફ પણ આકર્ષાયા છે, જેમાં વ્યક્તિગત તેમજ સુઆયોજિત ટોળકીનો સમાવેશ પણ થાય છે. રહીશો બહારગામ ગયા હોય એવાં મકાનો પર ગેંગ નજર રાખે છે અને રાત્રે તેમાં ચોરી કરે છે. આ રીતે દાગીના, ઈલેક્ટ્રોનિક ઉપકરણો, નાણાં તેમજ પાલતૂ પશુઓની ચોરી થઈ છે. છરી જેવાં શસ્ત્રોના ઉપયોગથી સશસ્ત્ર લૂંટ પણ કરવામાં આવી છે.

**વિભાજીત સમુદાય અને રોજબરોજની નબળી સામાજિક એકતા**

બોમ્બે હોટલમાં વિવિધ સંપ્રદાય અને ધાર્મિક જાતિના મુસ્લિમો વસે છે. આમાં સુન્ની મુસ્લિમો, તબલીકી જમાત વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતના વિવિધ વિસ્તાર તેમજ ભારતનાં અન્ય રાજ્યોમાંથી આવેલા મુસ્લિમો પણ છે. હજી આ વિસ્તાર પ્રમાણમાં નવો છે. તેથી ઘણા રહીશો એકબીજાના પરિચીત નથી. ઘણા ભાડૂઆતો (બોમ્બે હોટલ વિસ્તારમાંની અન્ય સોસાયટીઓમાં) મકાન બદલતા રહે છે. સ્રોતની તંગીને કારણે રહીશો સતત એકબીજા સાથે સ્પર્ધા કરતા રહે છે. આને કારણે અવિશ્વાસ અને રહીશો વચ્ચે રોજબરોજની સામાજિક એકતાનો અભાવ સર્જાય છે. આને કારણે સહકારી અને સામૂહિક કાર્યો થઈ શકતાં નથી. આથી અનૈતિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકોને પોતાની ગતિવિધિઓ ચાલુ રાખવાનું સરળ પડે છે.

ઘણા એકલા પુરુષો પણ આ વિસ્તારમાં રહે છે. તેઓ કપડાંની વર્કશોપમાં કામ કરે છે અને રહે છે. તેમની અને પરિવાર વાળા કુટુંબો વચ્ચે તાણ પેદા થાય છે, કેમ કે, મહિલાઓ આ પુરુષો વચ્ચે અસલામતી અનુભવે છે. અમુક કામદારો દ્વારા યુવતીઓ અને બાળકોની જાતીય સતામણીના કિસ્સાઓને કારણે મહિલાઓને આમ લાગે છે. કેટલીક સોસાયટીઓમાં રહીશોએ પોતાના ઘરની પાસે કપડાંની વર્કશોપ ખોલવા બાબતે વાંધો પણ ઉઠાવ્યો છે. પણ વર્કશોપના માલિકોએ મોકલેલા ગુંડાઓ દ્વારા તેમને ધમકાવવામાં આવ્યા. એક રહીશને બીજા રહીશ સાથે ઝઘડો થાય ત્યારે એકને ડરાવવા માટે બીજાએ ગુંડાઓ/ગેંગને ભાડે રાખવાના પણ કિસ્સાઓ બન્યા છે.

> *“ગટર ઉભરાવા બાબતે બે પરિવાર વચ્ચે ઝઘડો થયો. પહેલાં એ બે મહિલાઓ વચ્ચે થયો, અને પછી તે પુરૂષો સુધી પહોંચ્યો. એમાંનો એક જણ ગુંડાઓ બોલાવી લાવ્યો અને તેઓ શસ્ત્રો સાથે આવ્યા. આથી અમે તેને (બીજા રહીશને) મદદ કરી અને અમારા ઘરમાં તેનું રક્ષણ કર્યું. મારી સોસાયટીના રહીશોએ મને કહેવાનું શરૂ કર્યું કે મારે તેનું રક્ષણ ન કરવું જોઈએ. કેમ કે, આ ગુંડાઓ મારા પરિવાર સાથે પણ મારામારી કરી બેસશે. ગુંડાઓ અમારી ગલીમાં આવ્યા અને ધમકી આપી કે આ માણસને જે કોઈ મદદ કરશે તેને પણ અમે ફટકારીશું.”*

બીજા રહીશોના ઝઘડામાં વચ્ચે પડતાં રહીશો ડરે છે, કેમ કે, તેનાથી તેમની પોતાની સુરક્ષાનો ભોગ લેવાય એમ છે. એક સ્થાનિક આગેવાનના ખૂનના બનાવમાં કેટલાક રહીશો હુમલાખોરોને અટકાવવા માટે કે પોલિસને નિવેદન આપવા માટે આગળ આવ્યા હતા.

**ગેરહાજર અને ભ્રષ્ટ પોલિસ**

બોમ્બે હોટલ વિસ્તારમાં પોલિસોએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને બદતર બનાવી દીધી છે. અસામાજિક તત્ત્વો દ્વારા અનૈતિક પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલુ રહેવાનું એક કારણ અહીંના રહીશોના મતે પોલિસ ચોકીની ગેરહાજરી છે. વધુમાં ફરિયાદીની સાથે પોલિસનો જાણીતો સ્થાનિક અગ્રણી આવે નહીં ત્યાં સુધી પોલિસ (સૌથી નજીકની ચોકી ચંડોળા તળાવ પાસે અને સૌથી નજીકનું પોલિસ સ્ટેશન દાણી લીમડામાં છે) ફરિયાદ નોંધવાનો ઈન્કાર કરે છે. ઘણા ગુંડાઓ સાથે પોલિસની પણ ભાગીદારી હોય છે અને તેમની પાસેથી લાંચ લીધા પછી તેમને છોડી મૂકે છે અથવા લોક અપમાં સાવ ઓછા સમય માટે પૂરે છે. એક મહિલા રહીશે એક કિસ્સો જણાવ્યો. એક ગુંડાની વિરુદ્ધ તે ફરિયાદ નોંધાવવા ગઈ. એ ગુંડાએ તેની ખાણીપીણીની લારી ઉંધી પાડી દીધી હતી. એ મહિલાએ જોયું તો પેલા ગુંડાનો ફોન નંબર પોલિસના મોબાઈલ ફોનમાં સંઘરેલ હતો. બોમ્બે હોટલમાં જુગાર અને દારૂના અડ્ડાઓ ચલાવતા ગુંડાઓ દ્વારા નિયમીતપણે પોલિસને લાંચ આપવામાં આવે છે, જેથી તેમની ગતિવિધિઓમાં પોલિસની દખલ ઓછામાં ઓછી થાય. પોલિસ દ્વારા આ વિસ્તારમાં નિયમીતપણે પહેરો ભરાતો નથી. ખૂન, ગોળીબાર કે બળાત્કાર જેવો હિંસક બનાવ બને ત્યારે ગુનાના સ્થળે ઝડપભેર તેઓ ભાગ્યે જ દેખા દે છે.

પોલિસની આવી સ્થિતિને કારણે રહીશો વૈકલ્પિક ન્યાયવ્યવસ્થા તરફ વળે છે. ચોરી અને જાતીય સતામણીના કિસ્સાઓમાં તેઓ મોટે ભાગે બે પક્ષ વચ્ચે સમાધાન કરાવવા માટે સ્થાનિક અગ્રણીઓને કહે છે. ત્રસ્ત થઇ ઘણી વાર કાયદો પોતાના હાથમાં લે છે અને ચોરને પોલિસને સોંપતાં અગાઉ તેને બરાબર ફટકારે છે. એક કિસ્સામાં બાળકોનું અપહરણ કરતી હોવાના શકને આધારે એક મહિલાને પકડવામાં આવી. ટોળાએ તેને બરાબર ફટકારી. પોલિસના આવ્યા પછી પણ તેને મારવાનું ચાલુ રહ્યું. આખરે ટોળાને વિખેરવા માટે પોલિસે ટીયર ગેસ અને લાઠીચાર્જ કરવો પડ્યો. ત્યાર પછી તે મહિલાનો હવાલો લઇ શક્યા.

ઓગસ્ટ, ૨૦૧૫માં બહેરામપુરા મ્યુનિસિપલ વૉર્ડના કાઉન્સીલર બદરૂદ્દીન શેખ દ્વારા બોમ્બે હોટલ વિસ્તારમાં (ફૈઝલ નગર માર્કેટના પ્રવેશદ્વારે) પોલિસ ચોકીનું ઉદઘાટન કરવામાં આવ્યું. હવે જોવાનું એ રહે છે કે પોલિસ ગુનેગારો સાથેની ભાગીદારી ચાલુ રાખે છે કે રહીશોને સલામતીની ખાતરીનો અહેસાસ કરાવે છે.

**પોલિસીની ભલામણો**

- આ વિસ્તારની સામાજિક સમસ્યાઓનો ઉકેલ શહેરી સુધારણાના પગલાં દ્વારા લાવી શકાય. આ વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ સ્કીમનો અમલ સંવેદનપૂર્ણ રીતે કરવો જોઈએ. સ્ટ્રીટ લાઈટો, પાકા રોડ, સુઆયોજિત ખુલ્લી જગા જેવી માળખાકીય સુવિધાઓની તેમજ શાળાઓ જેવી સામાજિક સુવિધાઓની જોગવાઈ કરવી જોઈએ. તેનાથી અનૌપચારિક બાબતોમાં અપરાધ અને હિંસાની તકોનું પ્રમાણ ઘટવામાં મદદ મળશે.

- આવા વિસ્તારોમાં પોલિસની ભૂમિકાનું પુનર્મૂલ્યાંકન થવું જોઈએ. રહીશોમાં પ્રવર્તતા પોલિસ વિષેના નકારાત્મક ખ્યાલને બદલવા માટે પ્રયાસો થવા જોઈએ. રહીશો પોલિસ સુધી વધુ સારી રીતે પહોંચી શકે તેમજ આ વિસ્તારમાં તે વધુ પ્રમાણમાં જોવા મળે એવાં પગલાં દ્વારા આમ કરી શકાય.
- રહીશો વચ્ચેના કે બળજબરી યા ધાકધમકી કરતા લોકો સાથે રહીશોના સંઘર્ષો નિવારવા માટે શાંતિ સમિતિ તેમજ અન્ય સંગઠનોની રચનામાં રહીશોની વધુ સામેલગીરી કરવાની રહેશે.
- માલિકીની સુનિશ્ચિતતાને સુધારવાનાં પગલાં લેવાં, કેમ કે, જે રહીશોના મકાનની માલિકી સુનિશ્ચિત નથી તેમના પર ધાક જમાવવા માટે હિંસાનું હથિયાર અસરકાર રીતે વાપરી શકાય છે, અને વાપરવામાં આવ્યું છે.

**સંશોધનની પદ્ધતિઓ**

* સ્થાનિક આલેખન (Locality mapping) તથા સમુદાયની રૂપરેખા
* અનૌપચારિક વાતચીત
* ૧૬ ફોક્સ ગ્રુપ ડિસ્કશન્સ (FGDs -સ્ત્રી અને પુરુષો)
* ૨૧ વ્યક્તિગત ચર્ચા
* રાજકીય અગ્રણીઓ તથા નગરપાલિકાના અધિકારીઓ સાથેની મુલાકાતો
* માસ્ટર્સ થિસીસઃ પરિવહન અને સ્ત્રીઓની સલામતી પર આધારિત ૮ FGDs

Funded by

સરનામું : સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (સી.યુ.ઈ.), સેપ્ટ યુનીવર્સીટી, કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, યુનીવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ -380009
ટેલીફોન: 079-630 2740 એક્સટેન્સન ન. 473
વેબસાઈટ : www.cept.ac.in/cue ઈમેલ: cue@cept.ac.in